જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૨૨/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૨૯ | ૪ | ૧૦૯૩૩ | ૧૭૦૫૮ | ૧૬ | ૧૭૦૭૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૫૭૧ | ૧૯ | ૪૫૯૦ | ૬૦૯૨ | ૧૯ | ૬૧૧૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૮ | ૦ | ૫૮ | ૨૩૯ | ૦ | ૨૩૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૮૩૩૭ | ૯૫ | ૧૮૪૩૨ | ૧૯૩૬૨ | ૧૦૫ | ૧૯૪૬૭ |
| કુલ | | ૩૩૮૯૫ | ૧૧૮ | ૩૪૦૧૩ | ૪૨૭૫૧ | ૧૪૦ | ૪૨૮૯૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૪ | ૧૦,૧૯,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૯૬ | ૧૭,૯૬,૦૦૦/- |

# રાતના સમયે વાહનોમાં આગ લગાડવાના ગુનામાં આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## ઈસનપુર વિસ્તારમાં ત્રણેક દિવસ અગાઉ રાત્રિના સમયે મારામારી/વાહનોમાં તોડફોડ તેમજ પેટ્રોલ છાંટી આગ લગાડવાના ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

ગઈ તા.૫/૧૨/૨૦૨૦ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાનવાળી ચાલીમાં કેટલાક અસામાજિક તત્વોએ રાત્રિના સમયે ફિરોઝ મુસ્તુફાખાન પઠાણ ઉપર હુમલો કરી છરી વડે ઈજાઓ કરેલ. ત્યારબાદ તા.૭/૧૨/૨૦૨૦ ના રોજ રાત્રિના પોણા ત્રણેક વાગ્યાના સુમારે ફરીથી ઉપરોક્ત અસામાજિક તત્વોએ ઉપરોક્ત ફિરોઝ પઠાણ તથા તેના ભાઈના ઘરે પાનવાળી ચાલીમાં છરીઓ લઈને આવેલ અને આતંક મચાવેલ તેમજ ઘર આગળ પાર્ક કરેલ હુન્ડાઈ ઈયોન ફોર વ્હિલ ગાડીને ઈંટો તથા પથ્થરો મારી તોડફોડ કરેલ તેમજ ટી.વી.એસ. અપાચે મોટર સાયકલ તથા સુઝુકી એક્સેસ પાર્ક કરેલ હતાં તે બંને વાહનો ઉપર પેટ્રોલ છાંટી આગ લગાડી નાસી ગયેલ હતા.

આ બનાવ અંગે ફરિયાદી સંજ્યખાન મુસ્તુફાખાન પઠાણ નાઓની ફરિયાદ આધારે ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૨૨૦૧૬૪૭/૨૦ ધી ઈપીકો કલમ ૪૩૫,૪૨૭, ૩૨૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૮૮,૧૧૪ તથા જી.પી. એક્ટ ૧૩૫(૧) તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબનો ગુનો દાખલ થયેલ.

આ ગુનાની ગંભીર નોંધ લઈ આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડવા સારુ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા, પો.સ.ઈ. વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૦૯/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.ભરતભાઈ શીવરામભાઈ તથા હે.કો.કૌશિકકુમાર ગોવિંદભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે શાહઆલમ ટોલનાકા પાસેથી આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) મોહંમદરઉફ ઉર્ફે કાલીયા સ/ઓ સીદીકભાઈ સત્તારભાઈ શેખ ઉ.વ.૩૮ રહે. સી/૨૩, પાનવાળી ચાલી, રસુલાબાદ, શાહઆલમ, ઈસનપુર, અમદાવાદ શહેર તથા (૨) રઈશ સ/ઓ ઈસ્માઈલભાઈ લતીફભાઈ શેખ ઉ.વ.૧૯ રહે. મ.નં.૯૨, અનાદીપુરા, ભીલવાસ, જીતુભગતની બાજુમાં, શાહઆલમ, અમદાવાદ શહેર નાઓને પકડી પાડેલ.

પકડાયેલ બંને આરોપીઓ ગુનાહિત પુર્વ ઈતિહાસ ધરાવે છે. જેમાં આરોપી (૧) મોહંમદરઉફ ઉર્ફે કાલીયા સને ૨૦૧૫ માં ઈસનપુર પો.સ્ટે. માં મારામારીના ગુનામાં તેમજ ઈસનપુર પો.સ્ટે. માં બે વખત ઈંગ્લિશ દારુના ગુનામાં તેમજ દાણીલીમડા પો.સ્ટે. માં જુગારના કેસમાં પકડાયેલ છે તેમજ પાસા હેઠળ વડોદરા જેલમાં જઈ આવેલ છે. તેમજ (૨) રઈશ શેખ દાણીલીમડા પો.સ્ટે. માં મારામારીના ગુનામાં પકડાયેલ છે.

પકડાયેલ બંને આરોપીઓ સિવાય તેઓ સાથે બીજા કોણ-કોણ ઈસમો સંડોવાયેલ છે તે બાબતે તેઓની સઘન તપાસ ચાલુ છે.



# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## નરોડા પોલીસ સ્ટેશન

## તા.૦૯/૧૨/૨૦૨૦ નારોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ (ક્વાર્ટર)નંગ-૪૮ સાથે એક ઇસમને પકડી પાડતી નરોડા સર્વેલન્સ સ્ક્વોડ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન સાહેબ નાઓની પ્રોહીબીશન/જુગારની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે એક ઇસમને નરોડા એ.આર.કંપાઉંન્ડ હરીઓમ ડેરીની બાજુમાં રેલ્વે સ્ટેશનની બાજુમાં નરોડા ખાતેથી ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ (ક્વાર્ટર) નંગ ૪૮ કિંમત રૂ. ૭૨,00/- મુદ્દામાલના સાથે તા.૦૯/૧૨/૨૦૨૦ ના કલાક ૦૧/૩૦ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૫એ(ઇ),૬૬(૧)બી,૧૧૬(બી),૮૧ મુજબ અટક કરી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા.૦૯/૧૨/૨૦૨૦.

### <u>આરોપીનુ નામ –</u>

ધવલ સ/ઓ નટવરભાઇ જાતે.વાઘેલા ઉ.વ.૨૩ ધંધો.રી.ડ્રાર રહે- એ/૧૦૬ સોલીટર સ્કાય ગુરુદ્વારા સામે ઓઢવ અમદાવાદ શહેર.

### <u>વોન્ટેડ આરોપી-</u>

રાહુલ નટવરભાઇ જાતે.વાઘેલા રહે- નરોડા એ.આર.કંપાઉંન્ડ હરીઓમ ડેરીની બાજુમાં રેલ્વે સ્ટેશનની બાજુમાં નરોડા અમદાવાદ શહેર

### <u>મુદ્દામાલ</u> –

ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂના ક્વાર્ટર નંગ-૪૮ કિંમત રૂ.૭૨૦૦/-.

## કામગીરી કરનાર કર્મચારી

સર્વેલંન્સ પો.સબ.ઇન્સ એ.એમ.પટેલ તથા એસઆઇ જયેન્દ્રસિંહ રુપસિંહ બ.નં-૭૦૩ તથા કિરણ કલપ્પા બ.નં.૮૨૫૪ તથા પો.કો પંકેશકુમાર ધનાભાઇ બ.નં-૪૦૫૬ તથા પો.કો પિયુશ નટવરલલ બ,નં-૧૦૧૭૬ તથા પો.કો વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૬ તથા તથા એલ.આર ધુમકેતુ આત્મારામ બ.નં-૧૨૩૨ એલ.આર વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેકભાઇ અશ્વીનકુમાર બ.નં-૭૦૦૫.



# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૪૫૪/૨૦૧૯ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૮૧,૧૧૬(બી),૯૮(૨),૮૩ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૬૩૫/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) તથા (૩)શહેરકોટડા પોલીસ સ્ટેશન પ્રોહી પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૦૦૭૪૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ),૧૧૬(૧)બી,૯૮(૨) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:PCB/DTN/PASA/૧૨૬૮/૨૦૨૦ તા.૦૮/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે તા.૦૮/૧૨/૨૦૨૦ ના કલાક:૨૦/૫૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૮/૧૨/૨૦૨૦

### આરોપીનું નામ:-

અલ્પેશ ઉર્ફે પકીયો સ/ઓ યશવંત પંઢારીનાથ જાતે ગોલે(મરાઠા) ઉ.વ.૩૦ ધંધોઃ-છુટક મજુરી રહે.મ.ન.૧૨૮,બંસીની ચાલી અશોક મીલની સામે નરોડા રોડ શહેરકોટડા અમદાવાદ શહેર મુળ વતન ગામ-જેજુરી હળપસર તા.પુરંધર જી.પુના રાજય મહારાષ્ટ્ર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૩૩૯/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ) (૨).કૃષ્ણનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૪૧૧/૨૦૧૯ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ) (૩).કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૩૬૧/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૮૧ (૪).કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૧૭૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(એ)(એ) (૫).કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૯૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(એ)(એ) (૬).કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૩૨૪૨૩/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(એ)(એ) મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૨૩૭/૨૦૨૦ તા.૦૧/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે તા.૦૯/૧૨/૨૦૨૦ ના કલાકઃ૧૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૯/૧૨/૨૦૨૦

## આરોપીનું નામ:-

ચંદાબેન ઉર્ફે કિકીબેન અમીલભાઇ જાતે દંતાણી રહે.વસંતનગરના છાપરા કલાસાગર કોમ્પ્લેક્ષ પાછળ ઠક્કરનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનાઓમાં પકડાયેલ આરોપણ બહેન નામે પીન્કીબેન ડો/ઓ અશોકભાઈ માણેકલાલ જાતે તેલુગુ ઉ.વ.૩૩ રહે.શંકરજમાદારની ચાલી, છેલ્લા બસ સ્ટેન્ડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે નં,(૧)મેઘાણીનગર પો.સ્ટે.પ્રોહી.ગુ. ર.નં.૫૪૩૪/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઈ) મુજબ તથા નં.(૨)મેઘાણીનગર પો.સ્ટે.પ્રોહી.ગુ. ર.નં.૫૫૫૭/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ), ૮૧, ૯૮(૨) મુજબ નં.(૩)મેઘાણીનગર પો.સ્ટે.પ્રોહી. ગુ.ર.નં.૫૫૬૩/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(એ) મુજબ નં.(૪)મેઘાણીનગર પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૫૬૩૨/૨૦૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઈ) મુજબ તથા નં.(૫) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૫૩૯/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા નં.(૬) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૧૬૬૧/૨૦ ધી પ્રોહી. એક્ટ  કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ) તથા નં.(૭) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૨૩૨/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ  કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ) તથા નં.(૮) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૨૩૧/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપણ બહેન વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૬૯/૨૦૨૦ તા.૦૮/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી તરીકે "મધ્યસ્થ જેલ વડોદરા" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી બહેનને આજરોજ **તા.૦૮/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦** વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે **"મધ્યસ્થ જેલ વડોદરા"** ખાતે મોકલી આપેલ છે.તા.૦૮/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. એમ.એન.ચાવડા

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી, ૬૯ લીટર દેશી દારૂ અને ૪ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાતઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૫/૨૦૨૦**

**સાયબર ક્રાઈમઃ** ધર્મેન્દ્રસિહ ભાગ્યવંતસિહ સોઢા (ઉ.વ.૩૩) (રહે. કાવેરી સંગમ શીલજ સર્કલ શીલજ) એ તા.૦૮/૧૨/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ધર્મેન્દ્રસિહ સોઢા નાઓની કંપનીના એજન્ટો બની ધર્મેન્દ્રસિહ સોઢા નાઓની કંપની EasyPay પ્રાઇવેટ લીમીટેડના નામ અને શાખનો ઉપયોગ કરી ગ્રાહકોના આધાર કાર્ડના ડેટા મેળવી જે ડેટાના આધારે જુદી-જુદી બેંકોના ખાતા ધારકોના બેંકના ખાતાઓમાંથી કુલ રૂપિયા ૧૮,૯૪,૫૦૦/- ઓનલાઇન ટ્રાંજેકશન કરી બેંકોના ગ્રાહકો તેમજ ફરીયાદીની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ હેમતસિહ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૬/૨૦૨૦**

**સરદારનગરઃ** શાંતિબહેન દિલીપભાઇ ટેકવાણી (ઉ.વ.૫૪) (રહે.માયા એવન્યુ સામે ગુજરાતી શાળા સામે જુના “જી” વોર્ડ કુબેરનગર સરદારનગર) તા.૦૮/૧૨/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે કુબેરનગર સિંધી બજાર રાજુ હેર કટની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ શાંતિબહેન ટેકવાણીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શાંતિબહેન ટેકવાણીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૭/૨૦૨૦**

**જીઆઈડીસી વટવાઃ** રાજેશભાઈ સુભાષ પટેલ (ઉ.વ.૩૫) (રહે.જશોદાનગર જીઆઈડીસી વટવા) તા.૦૭/૧૨/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વટવા રેલ્વે ક્રોસિંગ નજીક ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળવંતસિહ મંગળસિહ ચલાવે છે.

**બિજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૮/૨૦૨૦**

**ગુજરાત યુનિવર્સિટીઃ** નવરંગપુરા યુનિવર્સિટી ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા મહેશભાઈ સરદારભાઈ નિનામા (મુળ વતન. ગામ-મોટીબારા તા.ફતેહપુરા જી.દાહોદ) તા.૦૭/૧૨/૨૦૨૦ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે યુનિવર્સીટીના લાઈબ્રેરી વિભાગમાં બીજા માળે લીફ્ટના ભાગે ચણતરનુ કામ કરતા હતા ત્યારે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.સી.ધુમ્મડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૨૯/૨૦૨૦**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** દીપકભાઇ અશોકભાઇ બોડાણા (ઉ.વ.૩૫) (રહે. સાબરનગર કાશ્મીર મહાદેવની બાજુમા જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૦ કલાક ૭/૪૫ વાગ્યા પહેલા માસ્ટર કોલોની સામે રીવરફ્ન્ટ વોક-વે સામે ઘાટ નંબર-૭ નજીક નદીમા પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**બાપુનગરઃ** હસમુખભાઇ શાંતિલાલ ગાંધી (ઉ.વ.૭૪) (રહે. અંબિકા સોસાયટી નવલખા બંગ્લોઝની બાજુમા બાપુનગર) માનસીક રીતે અસ્થિર હોઈ પોતાના મગજમાં જીવડા પડ્યા છે તેવુ વલણ દાખવી તા.૩૦/૧૧/૨૦૨૦ ના રોજ પોતાના ઘરે જીવ-જંતુ મારવાની દવા લાવી પોતાની જાતે પી જતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૧૨/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશભાઇ જગદિશપ્રસાદ ચલાવે છે.

**વટવાઃ** રંજનીબહેન તે વા/ઓ શંભુભાઇ યાદવની વિધવા પત્ની (ઉ.વ.૪૫) (રહે. ત્રીજે માળે સાંઇબાબા એપાર્ટમેન્ટ એસ.એલ.એમ રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી